# અરવલ્લીમાં સુજલામ્ કેનાલમાં પાણી વધામણાં

## દેસાઈપુરા કંપાના ખેડૂતોએ ઢોલ-નગારા સાથે કેનાલ સ્થળે પહોંચ્યા : મોદીજીનો ફરી જય જયકાર સંભળાયો



અરવલ્લીમાં સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પાણી છોડાતાં હરખાયેલા ખેડૂતોએ ઢોલ-નગારા સાથે કેનાલ સ્થળે પહોંચી પાણીના વધામણા કરતાં અદ્ભૂત દશ્યો જોવા મળ્યો. આ વિસ્તારના ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરનારી સિંચાઈ યોજનામાં કેનાલ સ્થળે ઉપસ્થિત ખેડૂત ભાઈ-બહેનોએ ફરી એક વખત મોદીજીનો જય જયકાર કર્યો હતો.

ઉત્તર ગુજરાતના ૬૦ હજારથી વધુ ખેડૂતો માટે સુજલામ કેનાલ જીવાદોરી બની છે. સ્પ્રેડીંગ કેનાલ હોવાથી આસપાસના હજારો બોર-કૂવા રિચાર્જ થઈ રહ્યા છે. ત્યારે કડાણા ડેમમાં ભરપૂર પાણીની આવક પછી સુજલામ કેનાલમાં ૧૦૦૦ ક્યુસેક પાણી છોડાતાં ધસમસતા પાણી બાયડના સિમાડામાં આવતાં દેસાઈપુરા કંપાના ખેડૂતો પાણીના સામૈયા માટે ઢોલ-નગારા વગાડતાં કેનાલ સ્થળે પહોંચ્યા. પ્રથમવાર વર્તમાન ચોમાસામાં પાણી છોડાતા પાણીનું ફૂલડાંથી વધામણાં કરવાની સાથે ખેડૂતોના ઉદ્ધારક નરેન્દ્ર મોદીનો જય જયકાર બોલાવ્યો હતો. આ વર્ષે અરવલ્લી જિલ્લામાં ઓછા વરસાદથી ખેડૂતોને સિંચાઈના પાણીનો એક રાઉન્ડ મળે તો બમ્ફર ખરીફ પાક ઉપજની આશા છે તે જોતાં સુજલામ કેનાલનાં પાણી બાયડ, ધનસુરા, તલોદ-પ્રાંતિજ તાલુકાના ખેડૂતો માટે સંજીવનીરૂપ બની રહેશે.

### સુજલામ્ કેનાલથી તળાવો ભરાશે

સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પાણી છોડાતાં ખેડૂતોમાં રાજીપો જોવા મળી રહ્યો છે અને હવે સુજલામ સુફલામ કેનાલ મારફતે ખાલીખમ તળાવ પણ ભરવામાં આવશે. જો કે આ અંગે હજુ કોઈ તાલુકામાં વિધિવત મંજૂરી મળી નથી પરંતુ ખેડૂતો, સ્થાનિક પંચાયતોની રજૂઆતો પછી એકાદ સપ્તાહમાં તળાવો ભરવા નિર્ણય લેવાઈ શકે છે.



## નવરાત્રી પૂર્વે ગાબડાં પૂરવા તંત્ર ધંધે લાગ્યું, અરવલ્લીમાં ગાબડાં પૂરી માર્ગોની મલમ પટ્ટી

બાયડ( બ્યુરો ઓફીસ) તા.૪

અરવલ્લી જિલ્લામાં ચોમાસામાં ભંગારમાં ફેરવાયેલા નબળા કામોની પોલ ખોલી નાખી છે. ગામડાંના રોડ તો ઠીક પરંતુ માર્ગ અને મકાન વિભાગ કામ શરૂ થયા છે.જેમાં મોડાસા - હિંમતનગર માર્ગ સહિત જિલ્લામાં અન્ય હાઈવે ઉપર



માર્ગો ઉપર ગાબડાં પૂરવાની શરૂઆત થઈ છે.ખાસ કરીને હાઈવે માર્ગનાં નવરાત્રી પૂર્વે ગાબડાં પૂરી મલમપટ્ટી કરવા તંત્ર દોડતું થયું છે.ડામર,કપચીના પેચ વર્ક સાથે જોખમી ખાડા પૂરવામાં આવતા વાહન ચાલકોની હાલાકી ઓછી થઈ થઈ શકે છે.

જિલ્લામાં વરસાદે રોડના હસ્તકના હાઈવે માર્ગો વરસાદ બાદ બિસ્માર અવસ્થામાં સરી પડ્યા છે.રોડ ઉપર ભયજનક ખાડા ને લઈ વાહનચાલકો પરેશાન બાની ગયા પછી માર્ગ અને મકાન વિભાગના મંત્રી એ ભંગાર રોડની માહિતી સોશીયલ મીડિયાના માધ્યમથી મંગાવતા થોક બંધ ફરિયાદ પછી ગાબડાં પૂરવાના પડેલાં ગાબડાં પૂરવાની શરૂઆત કરવામાં આવી છે.જોકે ફરિયાદ મુજબ ના રોડનું સમારકામ યોગ્ય રીતે થશે તો ક્યાં સુધી થશે એ કહેવું મુશ્કેલ છે પણ હાલતો ગાબડાં પૂરવાના શરૂ થયેલા કામ થી વાહન ચાલકો નો રોષ ઠારવા તંત્ર એ પ્રયાસ કર્યા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

## ઓછુ વાવેતર કરનારા ખેડૂતો પસ્તાશે, સટ્ટાની આશંકા

### જિલ્લામાં કપાસના ભાવ ૧૪૦૦ને આંબે તેવી સંભાવના : માત્ર ૫૨૦૦૦ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર

બાયડ, તા. ૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આ વર્ષે કપાસની ખેતી કરતા ખેડૂતો ફાયદામાં રહે તેવા સંકેત છે. કપાસની ગુણવત્તા પ્રમાણે રૂ. ૮૦૦ થી ૧૪૦૦ સુધીનો ભાવ ખેડૂતોને મળી શકે છે. જ્યારે કેટલાક ખેડૂતોને ઓછા વાવેતરથી સટ્ટાની આશંકા ઉપજી છે.

ઉત્તર ગુજરાતમાં ચોમાસા દરમ્યાન કપાસ, મગફળી, મકાઈ, તુવર, અડદનું બમ્પર વાવેતર થાય છે. જ્યારે કપાસના પાકમાં રોગચાળો, નકલી બિયારણ વગેરેના કારણે અને ખરા સમયે કપાસનો ભાવ તળીયે જતાં સાબરકાંઠા-અરવલ્લીમાં ઓણ સાલ કપાસનું વાવેતર ઘટીને માત્ર ૫૨૦૦૦ હેક્ટર થયુ છે. આ વર્ષે ઓછુ વાવેતર અને કપાસનો ૨૦ કિ.ગ્રા. દીઠ ભાવ રૂ. ૮૦૦ થી ૧૪૦૦ સુધી આંબવાની બજારની હવાથી કપાસ પકવતા ખેડૂતો ખુશ જણાઈ રહ્યા છે જ્યારે ઓછુ વાવેતર કરનારા ખેડૂતોને પસ્તાવાનો વારો આવશે. જિલ્લામાં લગભગ વરસાદની વિદાય થઈ છે. દશેરા આસપાસ બજારમાં કપાસનો પાક ઠલવાશે ત્યારે હાલનું બજાર જોતાં વેપારીઓ કોઈ કળા ન કરે તો ખેડૂતોને ૯ વર્ષ પછી કપાસના સારા ભાવ મળી શકે છે. કેટલાક વિસ્તારોમાં કપાસ પકવતા ખેડૂતોને પડતા ઉપર પાટુનો ઘા પડ્યો હોય તેમ કપાસના પાકમાં સુકારાનો રોગ દેખાયો છે.

## થરાદના નાગલા ગામે પ્રાથમિક શાળામાં આગ લાગી

બનાસકાંઠાના થરાદ તાલુકાના નાગલા ગામે આવેલ ગાયાત્રી પ્રાથમિક શાળામાં ગાંધી જયંતી હોવાના કારણે ગાંધી બાપુના જન્મ દિવસ નિમિત્તે પ્રા. શાળામાં સ્વચ્છતા અભિયાન તેમજ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું તે દરમિયાન પ્રા શાળા ના સ્ટોર રૂમ માં અચાનક સોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતું જેમાં સ્ટોર રૂમ માં પડેલ કાગળો બળીને ખાખ થઈ ગયા હતા આગ લાગતા અફરા તફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગ લાગતા સાળાના શિક્ષકે થરાદ ફાયર ફાઈટરને જાણ કરી હતી ફાયરને જાણ થતાં ફાયર ટિમના લાખાજી રાજપૂત, ધનજીભાઈ પ્રજાપતિએ પહોંચી કાબુ મેળવ્યો હતો.

## વડાપ્રધાનના લોક ઉપયોગી કાર્યો ચિરસ્થાયી રહેશે

### બાયડમાં ભાજપાનો સેવા અને સમર્પણ અભિયાન સંવાદ યોજાયો

બાયડ, તા. ૪

સેવા અને સમર્પણ અભિયાનની નેજા હેઠળ અરવલ્લી જિલ્લા ભાજપા મીડીયા સેલ દ્વારા તા. ૪ ઓક્ટોબરના રોજ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવન ચરિત્ર ઉપર ૬૦ મિનિટ અસ્ખલિત મનનીય વક્તવ્ય આપી તેમની કિશોરાવસ્થાયી, સંગઠન, મુખ્યમંત્રી, વડાપ્રધાન સુધીના પડકારરૂપ સફરનું પ્રબુધ નાગરીકો સમક્ષ નિરૂપણ કરી દેશના ઈતિહાસમાં વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીના લોક ઉપયોગી કાર્યો ચિરસ્થાયી રહેશે તેમ જણાવી તેમનું જીવન એક શૌર્ય ગાથાથી ઓછુ ન આંકી શકાય તેમ જણાવ્યુ હતુ.

સમગ્ર વિશ્વમાં



લોકપ્રિયતાની ટોચ ઉપર બિરાજમાન ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ તા. ૧૭ સપ્ટેમ્બરથી અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન દ્વારા સેવા-સમર્પણ અભિયાનની શરૂઆત થઈ છે. તા. ૭ ઓક્ટોબર સુધી દરેક મંડલમાં કોઈને કોઈ સેવાકીય કાર્ય ચાલી રહ્યા છે. તેના ભાગરૂપે સોમવારે બાયડના તક્ષશિલા કેમ્પસમાં નરેન્દ્રભાઈ મોદીના જીવનચરિત્ર વિશે સંવાદ યોજાયો. અતુલભાઈ બી. પટેલ દ્વારા રાજકીય ચાણક્ય, વિશ્લેષક, કુશળ સંગઠનકાર, ગરીબો-ખેડૂતોના બેલી વડાપ્રધાનના બાળપણથી અત્યાર સુધીના જીવનની ઝાંખી રજૂ કરી હતી. કાર્યક્રમમાં બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, દંડક ભાવનાબેન જોષી, બાયડ શહેર ભાજપા સંગઠન મહામંત્રી જલદીપ પટેલ, કોષાધ્યક્ષ કૌમિક પટેલ, સંગઠન મંત્રી ગૌતમ જયસ્વાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તક્ષશિલા વિદ્યાલય શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું.

### યુવાનો પોતાની સ્કિલને મઠારતા રહે અદ્યતન ટેકનોલોજી સાથે કદમ મિલાવતા રહે

## નોકરી વાંચ્છુક અને નોકરીદાતા વચ્ચે રોજગારી સર્જનનો સેતુ : જિલ્લા કલેકટર

### ઔદ્યોગિક તાલીમ સંસ્થા આઇ.ટી.આઇ. હિંમતનગર ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળા : ૪૪ જેટલા ઇન્ડસ્ટ્રીયલ સંસ્થાના માલિક પ્રતિનિધિ ઉપસ્થિત રહી ૧૦૬ જેટલા નોકરીવાંચ્છુકની પસંદગી કરાઈ

બાયડ તા.૪

શ્રમ અને રોજગાર વિભાગ નિયામકશ્રી રોજગાર અને તાલીમ સેન્ટર ઉપર આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તે અંતર્ગત આ મેળા માં ૩૦૦ જેટલા ઉમેદવારો આવા ભરતી મેળાનું આયોજન કરે છે. આઈ.ટી.આઈ. પ્રિન્સીપાલ શ્રી પુરોહિત આ બાબતે



સંસ્થા, ઔદ્યોગિક તાલીમ સંસ્થા આઈ.ટી.આઈ હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા દ્વારા જિલ્લાકક્ષાના એપ્રેન્ટીસ ભરતી મેળાને દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાની વિવિધ ઈન્ડસ્ટ્રીયલ સંસ્થાના માલિકો-પ્રતિનિધિઓ અને નોકરીવાંચ્છુક યુવાનો ઉપસ્થિત રહીને એક દિવસીય નેશનલ એપ્રેન્ટીસ મેળામાં ભાગ લીધો હતો.

સમગ્ર દેશમાં અને રાજ્યમાં ૪થી ઓક્ટોબર એપ્રેન્ટીસ ભરતી મેળો એક સમયે યોજાઇ રહ્યો છે. રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૪૦ સહિત નાના મોટા કુલ ૪૪ એકમોએ હાજર રહી ૧૦૬ જગ્યા માટે એપ્રેન્ટીસ પસંદગી કરાઈ હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા દ્વારા યુવાનોને અને નોકરીદાતાઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં નોકરી વાંચ્છુકો અને નોકરીદાતા વચ્ચે સંપર્ક સેતુ બંધાય તે માટે છેલ્લા ત્રણ વર્ષથી મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના ચાલે છે. આ સ્કીમ હેઠળ બહોળી સંખ્યામાં રાજ્યના યુવાનો લાભ લઇ રહ્યા છે અને તેમાં સફળતા પણ મળી રહી છે. તે માટે શ્રમ અને રોજગાર વિભાગ સતત પ્રયત્નશીલ રહીને ઉત્સાહપૂર્વક જેહમત ઉઠાવી ને નોકરીદાતાઓને અહીં સુધી લાવ્યા છે તે સારી વાત છે. આપણા જિલ્લામાં મર્યાદિત ઈન્ડસ્ટ્રીઝ છે અને તેમાં વધારો થઈ રહ્યો છે. અહીં ઉપસ્થિત ઈન્ડસ્ટ્રીયલ પ્રતિનીધીઓમાં આ યોજનાનો લાભ લેવા અને જિલ્લાને આપવામાં આવેલ ટાર્ગેટ હાંસલ કરી તેમાં સરકારી, ખાનગી લોકોના સહયોગ મળતો રહે તો આ યોજના મૂર્તિમંત થઈને વધુ ને વધુ યુવાનોને રોજગારી આપી શકે તેમ છે. આમાં સરકાર દ્વારા નોકરીદાતાઓને રૂ. ૩,૦૦૦/-ની સબસીડી આપવામાં આવી છે. જેથી યુવાનોને રોજગારી આપવામાં સરકારનો સહયોગ રહ્યો છે. આ લાભ લેવા માટે સ્થાનિક સંસ્થામાં રજિસ્ટર થવું જરૂરી છે. ઓફિસીયલ પ્રક્રિયા કરીને લાભ લઈ શકાય છે.

વધુમાં જણાવ્યું હતું કે યુવાનો પોતાની સ્કિલને અવારનવાર મઠારતા રહે અદ્યતન ટેકનોલોજી સાથે કદમ મિલાવતા રહી તમારા જીવનની કારકિર્દીની શરૂઆત થઈ રહી છે તો આ શરૂઆતને સફળતા હાંસલ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તમારી કામગીરીથી સંસ્થાની પૂરેપૂરો સંતોષ થાય તેવું કામ કરી સ્થિર થાઓ અને આગળ વધવાના અનેરા અવસર મળશે.

આ ભરતી મેળામાં અંબુજા, એરેલેમ,યુનિટેક ,એક્સાઇડ ઈન્ડસ્ટ્રી પ્રા. લિ.,સાબરડેરી, કેથો ટાઈલ્સ, પલ્સ ફાર્મા, યુનિવર્સલ ક્રાફ્ટ પેપર સહિત વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓના, એચ.આર ઉપસ્થિત રહીને યુવાનોની ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી.

આ પ્રસંગે ખેડબ્રહ્મા આઈટીઆઇ શ્રી પ્રિન્સિપાલ પ્રજાપતિ, હિંમતનગર આઈ.ટી.આઈના પ્રિન્સિપાલશ્રી પુરોહિત, સંસ્થાના સલાહકારશ્રી ડોભાઈ, શ્રી દરજી તેમજ મોટી સંખ્યામાં જીલ્લાના યુવાન ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે લીગલ સેમીનાર યોજાયો

મહેસાણા, તા. ૪

મહેસાણા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે પોલીસ ઓડીટોરિયમમાં લીગલ સેમિનારનું આયોજન કરાયુ હતુ. આ પ્રસંગે જિલ્લા ન્યાયાધિશ પી.જી. ગોકાણી, કલેકટર ઉદિત અગ્રવાલ, જિલ્લા પોલીસ અધિક્ષક પાર્થરાજસિંહ ગોહિલ, નાયબ નિયામક રાકેશ રાવ, બાર કાઉન્સિલના ચેરમેન કિશોરભાઈ ત્રિવેદી વગેરેએ દીપ પ્રગટાવી સેમિનારનું ઉદ્ઘાટન કર્યુ હતુ. ઉપસ્થિત મહાનુભાવોએ ગાંધીજીની વિચારધારાને રજૂ કરી દરેક માનવીને ઝડપી ન્યાય મળે તે બાબતે વક્તવ્યો આપ્યા હતા.

જિલ્લા સરકારી વકિલ એન.એસ. શાહ તથા એડવોકેટ નવિનભાઈ બારોટે સાયબર ક્રાઈમ વિશે સમજ આપી હતી. એડવોકેટ શરદભાઈ શાહ જિલ્લાકક્ષાએ કન્વિકશન રેટ વધારવા અંગે ચર્ચા કરી હતી. જ્યારે પોલીસ તપાસમાં જે ખામી કોર્ટ સમક્ષ આવે છે તે બાબતે સ્પેશ્યલ સરકારી વકિલ વિજયભાઈ બારોટે જરૂરી છણાવટ કરી હતી.

કાયદા વિભાગ અને ગૃહ વિભાગના ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન ગાંધીનગર પ્રેરિત આ લીગલ સેમિનારમાં મહેસાણા જિલ્લાના સરકારી વકિલો, પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન એડવોકેટ નવિનભાઈ બારોટે કર્યુ હતુ.

## અરવલ્લીના ૩ તાલુકાઓમાં ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર યોજાઇ

### જીલ્લાના ત્રણ તાલુકામાં પેનલ અડવોકેટો દ્વારા ૨૦૦ જેટલા લોકોને જરૂરી કાનૂની સલાહ તેમજ જુદા જુદા કાયદાઓનું જ્ઞાન અપાયું

મોડાસા તા.૪

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, અરવલ્લી ધ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારના ''આઝાદી કા અમૃત મહોત્સવ'' ના ભાગરૂપે તા.૨ ઓક્ટોબર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન કાનૂની શિક્ષણ શિબિરો યોજાવાની શરૂઆત થઈ છે.

જે અંતર્ગત ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ ના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,અરવલ્લી દ્વારા આઝાદી ના અમૃત મહોત્સવ ના




ભાગ રૂપે ગાંધી જયંતિના પાવન અવસર પર અરવલ્લી જીલ્લાના ત્રણ તાલુકામાં મેગા કાનૂની શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં દરેક તાલુકામાં પેનલ અડવોકેટો દ્વારા લગભગ ૨૦૦ લોકોને જરૂરી કાનૂની સલાહ તેમજ જુદા જુદા કાયદાઓનું જ્ઞાન આપવા માં આવ્યું હતું.



### ઇડર મહિલા કોલેજ ખાતે નશાબંધી સપ્તાહની ઉજવણી કરાઇ

નશાબંધી સપ્તાહની ઉજવણી નિમિત્તે મહિલા કોલેજ ઈડર ખાતે નશાબંધી આબકારી નિયામક શ્રી સુનીલકુમારની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યક્ષશ્રી દ્વારા વ્યસમુક્તિ વિશે લોકો ને જાગૃતિ લાવવા પ્રેરક પ્રવચન કરી સમજણ આપવામાં હતી. જેમાં અધિક્ષક શ્રી એસ.પી. વાઘેલા, અને પી.એસ.આઈ તેજલબહેન ઠાકોર ,નશાબંધી સમિતિના મંત્રી શ્રીમતી ગઢવી, મહેતા મીનાબેન, રાઠોડ હીરાબા, પંચાલ અનિલભાઈ, ન..પા.. પ્રમુખ જયસિંહભાઈ , હોમગાર્ડ કમાંડર શ્રી કિરણભાઈ અને અન્ય હોદ્દેદારો અન્ય અગ્રણીઓ તેમજ વિધાર્થિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.